# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે લખનઉમાં પૂર્વ પ્રધાનમંત્રી સ્વર્ગસ્થ અટલ બિહારી વાજપેયીને સમર્પિત રાષ્ટ્ર પ્રેરણા સ્થળનું ઉદ્ઘાટન કરશે.

2) ભારત અને અમેરિકાના રાજદૂતોએ પરસ્પર વેપાર સંબંધોને મજબૂત બનાવવાના સામાન્ય ધ્યેય પર ચર્ચા કરી.

3) યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ એક નવો શાંતિ પ્રસ્તાવ રજૂ કર્યો.

4) ભગવાન ઈસુના જન્મ દિવસ નિમિત્તે આજે વિશ્વભરમાં નાતાલ પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી.

5) હોકી ખેલાડી હાર્દિક સિંહને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર જ્યારે અન્ય 24 ખેલાડીઓને અર્જુન પુરસ્કાર માટે નામાંકિત કરાયા.

...............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM LUCKNOW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની ૧૦૧મી જન્મજયંતિ પ્રસંગે લખનઉની મુલાકાત લેશે. બપોરે અઢી વાગ્યે પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયીને સમર્પિત રાષ્ટ્ર પ્રેરણા સ્થળનું ઉદ્ઘાટન કરશે અને જાહેર સભાને સંબોધિત કરશે.

અમારા સંવાદદાતાનો એક અહેવાલ સાંભળીએ

VC – સુશીલ તિવારી

# REV. ATAL SMRITI NYAS SOCIETY

ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુ નવી દિલ્હી સ્થિત અટલ સ્મૃતિ ટ્રસ્ટ સોસાયટીના અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે. સોસાયટીના સ્થાપક સભ્ય રામ બહાદુર રાયે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત અન્ય સભ્યોની સલાહ બાદ આ પદ માટે શ્રી નાયડુનું નામ પ્રસ્તાવિત કર્યું હતું.

શ્રી નાયડુ સ્વર્ગસ્થ વિજયકુમાર મલ્હોત્રાનું સ્થાન લેશે. અધ્યક્ષ તરીકે શ્રી નાયડુ હવે સોસાયટીના કામકાજનું સંચાલન કરવા માટે કાર્યકારી સમિતિની રચના કરશે.

# INDIA-US AMBASSADOR TALKS

અમેરિકામાં ભારતના રાજદૂત વિનય મોહન ક્વાત્રાએ ફ્લોરિડામાં ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોર સાથે વેપાર સંબંધોને મજબૂત બનાવવાના સામાન્ય ધ્યેય પર ચર્ચા કરી હતી.

આ બેઠક ફ્લોરિડામાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિવાસસ્થાન માર-એ-લાગો ખાતે યોજાઈ હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી ક્વાત્રાએ જણાવ્યું હતું કે ભારતમાં અમેરિકાના રાજદૂત તરીકેની જવાબદારી સંભાળવાની તૈયારી કરી રહેલા અમેરિકાન રાજદૂતે દ્વિપક્ષીય ભાગીદારી માટે તેમની યોજનાઓ અને પ્રાથમિકતાઓ શેર કરી હતી.

અગાઉ યુએસ રાજદૂતે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે ભારતીય રાજદૂતની માર-એ લાગોમાં આ પહેલી મુલાકાત છે.

# MEA THAI CAMBODIA

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે દેવી-દેવતાઓની મૂર્તિઓની તોડફોડ જેવી બર્બર ઘટનાઓ ન બનવી જોઈએ. આવી ઘટનાઓ વિશ્વભરના ભક્તોની લાગણીઓને ઠેસ પહોંચાડે છે.

થાઇલેન્ડ-કંબોડિયા સરહદ વિવાદ વિસ્તારમાં હિન્દુ દેવતાઓની મૂર્તિઓની તોડફોડ અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે આ પ્રદેશના લોકો હિન્દુ અને બૌદ્ધ દેવતાઓને એક સહિયારી સભ્યતા વારસા તરીકે પૂજે છે. તેમણે બંને પક્ષોને સંવાદ અને રાજદ્વારી પ્રયાસો દ્વારા શાંતિ પુનઃસ્થાપિત કરવા વિનંતી કરી.

# UKRAINE- NEW PEACE PLAN

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ એક નવો શાંતિ પ્રસ્તાવ રજૂ કર્યો છે. ઝેલેન્સકીએ પૂર્વીય ડોનબાસ ક્ષેત્રમાંથી યુક્રેનિયન સૈનિકો પાછા ખેંચવાનો અને ત્યાં એક ડિમિલિટ્રીરાઇઝ્ડ ઝોન સ્થાપિત કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. સૈનિકો પરત ખેંચવાની શરત એ રહેશે કે રશિયા પણ તેના સૈનિકો પાછા ખેંચે અને આંતરરાષ્ટ્રીય દળો દ્વારા આ વિસ્તાર પર નજર રાખવામાં આવે.

ફ્લોરિડામાં વાટાઘાટો દરમિયાન અમરીકા અને યુક્રેનના રાજદૂતો દ્વારા સંમત થયેલી 20-મુદ્દાની યોજનાનો ઉલ્લેખ કરતા યુક્રેનિયન રાષ્ટ્રપતિએ કહ્યું કે તેઓ બુધવારે રશિયા તરફથી પ્રતિભાવની અપેક્ષા રાખે છે, જ્યારે અમરીકના અધિકારીઓ રશિયા સાથે વાટાઘાટો કરશે.

આ યોજનામાં ડોનબાસમાં પ્રસ્તાવિત ડિમિલિટ્રીરાઇઝ્ડ ફ્રી ઇકોનોમિક ઝોનનો સમાવેશ થાય છે, જોકે શાસન વ્યવસ્થાની વિગતો હજુ સ્પષ્ટ નથી. રશિયા-નિયંત્રિત ઝાપોરિઝિયા પરમાણુ પાવર પ્લાન્ટની આસપાસ પણ આવી જ વ્યવસ્થા પર વિચાર કરી શકાય છે. ઝેલેન્સકીએ કહ્યું કે કોઈપણ અંતિમ કરાર લોકમત માટે મૂકવામાં આવશે.

આ દરખાસ્ત અગાઉની 28-મુદ્દાની અમેરિકાની યોજનામાં સંશોધન છે, જેને યુરોપિયન અને યુક્રેનિયન નેતાઓ રશિયા પ્રત્યે વધુ પડતી ઉદાર માનતા હતા. રશિયાએ અત્યાર સુધી કબજા હેઠળના પ્રદેશમાંથી પાછા ફરવાની કોઈ તૈયારી દર્શાવી નથી અને સતત યુક્રેનને ડોનબાસના બાકીના વિસ્તારો છોડી દેવાની માંગ કરી છે, જેને યુક્રેને નકારી કાઢ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## CHRISTMAS

**ભગવાન ઈસુના જન્મ દિવસ નિમિત્તે આજે વિશ્વભરમાં નાતાલ પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. ચર્ચોમાં ખાસ પ્રાર્થના સભાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે લોકો પોતાના ઘરોને નાતાલના વૃક્ષો અને અન્ય સજાવટથી શણગારે છે અને એકબીજાને ભેટ- સોંગાદો આપે છે.**

**વેટિકન સિટીમાં પોપ લીઓ ચૌદમાં વિશ્વના સૌથી મોટા ચર્ચ, સેન્ટ પીટર્સ બેસિલિકામાં નાતાલની ઉજવણીનું નેતૃત્વ કરી રહ્યા છે. તેઓ આજે ચર્ચની બાલ્કનીમાંથી રોમ અને સમગ્ર વિશ્વને ખાસ નાતાલનો સંદેશ આપશે.**

# CAT RESULTS

દેશની અલગ-અલગ આઇઆઇએમમાં પ્રવેશ માટે લેવાતી કેટની પરીક્ષાના જાહેર થયેલા પરિણામમાં ગુજરાતના બે વિદ્યાર્થીઓ સો ટકા પર્સેન્ટાઇલ સાથે દેશના પહેલા બારમાં સ્થાન મેળવ્યું છે. સૌથી વધુ સાત વિદ્યાર્થીઓ ઉત્તર પ્રદેશના છે.

# HARDIK SINGH - KHEL RATNA

પુરુષ હોકી ટીમના ઉપ-કપ્તાન અને બે વખતના ઓલિમ્પિક ચંદ્રક વિજેતા હાર્દિક સિંહને પ્રતિષ્ઠિત મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર માટે નામાંકિત કરાયો છે. ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના ઉપપ્રમુખ ગગન નારંગ, ભૂતપૂર્વ હોકી ખેલાડી એમ.એમ. સોમાયા અને ભૂતપૂર્વ બેડમિન્ટન ખેલાડી અપર્ણા પોપટની પસંદગી સમિતિ દ્વારા આ નામાંકનોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

યોગાસનમાં ભાગ લેનાર આરતી પાલ સહિત ચોવીસ ખેલાડીઓને અર્જુન પુરસ્કાર માટે નામાંકિત કરવામાં આવ્યા છે. નિશાનેબાઝ મેહુલી ઘોષ, જિમ્નાસ્ટ પ્રણતિ નાયક અને ભારતની ટોચની ક્રમાંકિત મહિલા બેડમિન્ટન જોડી ત્રિસા જોલી અને ગાયત્રી ગોપીચંદ પણ આ ખેલાડીઓમાં સામેલ છે.

ખેલ રત્ન એ યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા વાર્ષિક ધોરણે આપવામાં આવતો સર્વોચ્ચ રમતગમત પુરસ્કાર છે. રાષ્ટ્રપતિ નામાંકિત ખેલાડીઓને આ પુરસ્કાર અર્પણ કરે છે.

# CALIFORNIA FLOOD EMERGENCY

અમેરિકામાં કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યુસમે મુશળધાર વરસાદ અને તોફાનની આગાહીને લીધે લોસ એન્જલસમાં કટોકટીની સ્થિતિ જાહેર કરી છે. ગવર્નરે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે દક્ષિણ કેલિફોર્નિયામાં ગંભીર પૂરની સંભાવના છે.

વહીવટીતંત્રે 14 કાઉન્ટીઓમાં 250થી વધુ રાહત કાર્યકરો અને સાધનો તૈનાત કર્યા છે. બચાવ કામગીરી માટે હેલિકોપ્ટર પણ તૈયાર રાખવામાં આવ્યા છે.

---

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારોએ અરવલ્લી ખનન પર પ્રતિબંધ સમાચારોને પ્રથમ પાને સ્થાન આપ્યું છે. ગુજરાત સમાચાર લખે છે, અરવલ્લીમાં નવી માઇનિંગ લિઝ પર સંપૂર્ણ પ્રતિબંધનો કેન્દ્રનો આદેશ.
- દિવ્ય ભાસ્કર નોંધે છે, જનતાની જીત: અરવવલ્લીમાં નવા માઇનિંગ પર સરકારનો પ્રતિબંધ
- ફૂલછાબ લખે છે -અરવલ્લી રહેશે અવિચલ
- સંદેશ લખે છે સમગ્ર અરવલ્લીમાં કોઈ નવી માઇનિંગ લિઝ નહીં
- ઉપરાંત, અખબારોએ ઇસરોએ સૌથી વજનદાર સેટેલાઇટ લોન્ચ કરી એ મહત્વના સમાચારને પ્રથમ પાને ફોટો સાથે છાપ્યા છે.
- સ્થાનિક સમાચારોમાં સુરેન્દ્રનગર નાયબ મામલતદારની ઇડીની તપાસ બાદ પહેલી જાન્યુઆરી સુધીના રિમાન્ડ આજથી કાંકરિયા કાર્નિવલનો આરંભને છેલ્લા પાના ઉપર પ્રકાશિત કર્યા છે.